| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૨૯/૦૪/૨૦૨૩ શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## રિવર ફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશન ૧૮૧ અભયમ હેલ્પલાઇનની ટીમના માણસોએ મહિલા અને તેના પતિને સમજાવી તેમનુ લગ્નજીવન બચાવ્યુ

દેખાદેખી અને સોશ્યલ મીડીયાના વધતા જતા વ્યાપને લીધે આંતરજ્ઞાતીય લગ્ન કરતા પ્રેમલગ્નના કિસ્સાનુ પ્રમાણ વધતુ જણાયુ છે. પરંતુ મોટાભાગના કિસ્સાઓમા પ્રેમલગ્ન બાદ સમજણના અભાવે લગ્નજીવનમા કંકાસ વધતો જાય છે અને વાત છુટાછેડા સુધી આવી જાય છે. આવો જ એક કિસ્સો ૧૮૧ અભયમ હેલ્પલાઇન તથા રીવર ફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશનના પોલીસ માણસોની સામે આવેલ જેમા એક મહિલાનો ૧૮૧ અભયમ હેલ્પ લાઇન પર ફોન આવેલ અને જણાવેલ કે તેનો પતિ મારઝુડ કરે છે અને સમય આપતો નથી જેથી ૧૮૧ અભયમ હેલ્પ લાઇનની ટીમ તથા રીવર ફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશનના પોલીસ માણસો મહિલા પાસે પહોચી જાય છે અને મહિલાનુ કાઉન્સેલીંગ શરૂ કરે છે ત્યારે મહિલા જણાવે છે કે એક વર્ષ પહેલા તેમના પ્રેમલગ્ન થયેલ હતા અને ત્યારબાદ તેમના પતિ તેમને સમય આપતા નથી અને સાથે જમવા બેસતા નથી અને બહાર મીત્રો સાથે જમવા જાય છે. જેથી મહિલા લગ્નજીવનથી કંટાળી ગયેલ છે તેમ જણાવતા મહિલાના પતિને બોલાવી તેમને પત્ની સાથે મારઝુડ નહિ કરવા તથા પત્નીને સારી રીતે રાખવા સમજાવેલ જેથી મહિલાના પતિ માની ગયેલ અને મારઝુડ નહિ કરે તેવુ લખાણ લખી આપેલ અને બંન્ને વચ્ચેના ઝઘડાનુ સુખદ સમાધાન લાવી ૧૮૧ મહિલા હેલ્પ લાઇનની ટીમ તથા રીવર ફ્રન્ટ પોલીસ સ્ટેશનના પોલીસ માણસોએ મહિલાનુ લગ્નજીવન બચાવી સારી કામગીરી કરેલ છે.

**કામગીરી કરનાર ટીમ -:** રિવર ફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશન ૧૮૧ અભયમ ટીમ



## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૯૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૩ કેસ કરી, ૫૭ વ્યક્તિઓને ઝડપી, ૧૨૪ લીટર દેશી દારૂ, ૧૫૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૩૪ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૪૮ બીયરટીન, ૦૧ સ્કુટર અને ૦૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૮ કેસ કરી ૨૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૪૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૯૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## રૂપિયા ભરેલ બેગ ઝુંટવી લઇ ગયાઃ- સમાચાર યાદી નં.૬૯૮/૨૦૨૩

**નવરંગપુરાઃ** વિરેન્દ્રકુમાર પોપટલાલ દવે (ઉ.વ.૫૭)(રહે,પ્રતિક્ષા એપાર્ટમેન્ટ, સોલા કોમ્પલેક્ષ, કે.આર.કે. વર્મા સ્કુલ પાસે, નારણપુરા) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૦૪/૨૦૨૩ બપોરના ૪/૧૫ થી ૪/૩૫ વાગ્યા દરમ્યાન નવરંગપુરા સી.જી.રોડ બોડીલાઇન ચાર રસ્તા થી સુપર મોલ આગળ આવતા રોડ ઉપર એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) ભેગામળી વિરેન્દ્રકુમારની એકટીવાની આગળના ભાગે મુકેલ રોકડ રૂપિયા ૫૦,૦૦,૦૦૦/- ભરેલ બેગ ખેંચી ઝુંટવી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.વી.પટેલ ચલાવે છે.

**શાહીબાગઃ** ડૉ.સિપ્રારાની વા/ઓ કોમલભાઈ પોદ્દાર (ઉ.વ.૫૬)(રહે.મહેશ્વરી કોલોની આદર્શ બાલિકા સ્કુલ પાછળ, ભિનમાલ તા.ભિનમાલ જી.ઝાલોર રાજસ્થાન) એ તા.૨૮/૦૪/૨૦૨૩ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૪/૨૦૨૩ ના કલાક ૫/૦૦ વાગ્યાના સુમારે શાહીબાગ ગિરધરનગર બ્રિજ મહાકાળી મંદિર બાજુ ઉતરતા બહુમાળી ભવન પાસે રોડ ઉપર એક એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષ (૨૦ થી ૨૫ વર્ષના આશરાના) એ ભેગામળી ડૉ.સિપ્રારાનું લેડીઝ પર્સ ખેંચી ઝુંટવી નાસી ગયા હતા. જે પર્સમાં રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- તથા મોબાઈલ ફોન નંગ-૨ કુલ કિંમત રૂપિયા ૨૩,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૩,૦૦૦/- ની મતા મુકેલ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.કે.ગમારા ચલાવે છે.

## સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ- સમાચાર યાદી નં.૬૯૯/૨૦૨૩

**વાસણાઃ** ગૌરાંગભાઇ બળદેવરાજ ગોહેલ (ઉ.વ.૪૭)(રહે.વિશ્વનગર સોસાયટી, રવિનગરની બાજુમા જીવરાજપાર્ક) એ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૦૪/૨૦૨૩ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે વિશ્વનગર સોસાયટીના દરવાજા સામે એક એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષ (૨૫ વર્ષના આશરાના) એ ભેગામળી ગૌરાંગભાઇની માતાના ગળામાં પહેરેલ સોનાની પેંડલ સાથેની ચેઇન કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.આર.રાવળ ચલાવે છે.

## દાઝી જતાં મૃત્યુઃ- સમાચાર યાદી નં.૭૦૦/૨૦૨૩

**ઓઢવઃ** વિરેન્દ્રભાઇ ગોવિંદભાઇ ટાંક (ઉ.વ.૨૮)(રહે.અક્ષર એપાર્ટમેન્ટ એસ.પી. રિંગરોડ વસ્ત્રાલ રામોલ) તા.૨૨/૦૪/૨૦૨૩ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે ઓઢવ રિંગરોડ વિશાલા-૧૧૧ એસ્ટેટ “શ્યામ ટેક” ખાતે કોમ્પ્રેસર ફ્રીઝ બનાવની વખતે અચાનક કોમ્પ્રેસર ફાટતા આગ લાગતા, વિરેન્દ્રભાઇ શરીરે ગંભીર રીતે દાઝી જતા સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૮/૦૪/૨૦૨૩ ના કલાક ૪/૦૦ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિંહ બળવંતસિંહ ચલાવે છે.

## આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૭૦૧/૨૦૨૩

**અમરાઇવાડીઃ** રાજેશભાઇ રવજીભાઇ પરમાર (ઉ.વ.૩૮)(રહે.રબારી કોલોની ગેટ નંબર-૫ સત્યમનગર શાકમાર્કેટ રોડ અમરાઇવાડી) એ અગમ્ય તા.૨૭/૦૪/૨૦૨૩ ના કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પતરાની છતની એગલ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતકુમાર શંકરાજી ચલાવે છે.

**નિકોલઃ** ભારતીબહેન વા/ઓ ધવલભાઈ ચૌહાણ (ઉ.વ.૨૦)(રહે.પારંતી આવાસ મારૂતિ શો-રૂમ પાછળ નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૪/૨૦૨૩ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે રહેણાંક ફ્લેટના છઠ્ઠા માળે થી નીચે પડતુ મુકતા શરીરે ગંભીર ઇજાઓ થતા, સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૮/૦૪/૨૦૨૩ ના કલાક ૦૦/૩૦ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.પો.કમિ.શ્રી “આઇ” ડીવીઝન નાઓ ચલાવે છે.

**આનંદનગરઃ** રાજેન્દ્રસિંહ શિવસિંહ ચુડાવત (ઉ.વ.૩૧)(રહે.વ્રજનગરી ઔડાના મકાન આનંદનગર) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૪/૨૦૨૩ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે વ્રજનગરી ઔડાના મકાન ખાતે પહેલા માળે થી કૂદકો મારી નીચે પડી જતા, શરીરે ગંભીર ઈજાઓ થતા, સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૮/૦૪/૨૦૨૩ ના રોજ તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઉપેન્દ્રભાઈ અમથાભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી